Seat No. : _______________

# LG-115

**April-2014**

## B.A., Sem.-VI

## CC-314, Gujarati

## EA : કૃતિ-આપણાં ખંડકાવ્યો

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. ગુજરાતી સાહિત્યમાં ખંડકાવ્યના સ્વરૂપની વિભાવના સદૃષ્ટાંત ચર્ચો. **14**

**અથવા**

ગુજરાતી ખંડકાવ્યના ઉદ્‌ભવ અને વિકાસની વિવિધ ભૂમિકાઓ દર્શાવો.

2. 'કાન્તે ખંડકાવ્યના બાહ્ય અને આંતર સ્વરૂપનું સર્વાંગ સુંદર ઘડતર કરી આપ્યું છે.' – કાન્તનાં ખંડકાવ્યોને આધારે આ વિધાનની સાર્થકતા સમજાવો. **14**

**અથવા**

'ખંડકાવ્યની ખરી ખૂબી વાર્તાકથનમાં નથી, પણ ઉદાત્ત ભાવાલેખનથી સધાતા ક્રમિક રસનિરૂપણમાં રહેલી છે.' – 'આપણાં ખંડકાવ્યો'ને આધારે આ વિધાનનું સમર્થન કરો.

3. ટૂંકનોંધ લખો. (કોઈપણ **બે**) **14**
   (1) 'ઊર્મિલા'માં પાત્રના મનોભાવોનું આલેખન
   (2) 'સીતા-પરિત્યાગ' માં રસનિષ્પત્તિ
   (3) 'વિશ્વશાંતિ'નું રસદર્શન
   (4) 'શાપસંભ્રમ' માં ચિત્રાત્મક શૈલીનો પ્રભાવ

4. (અ) નીચેનામાંથી કોઈપણ **એક** પંક્તિનો વિચાર વિસ્તાર કરો : **7**
   (1) 'ચાતક, ચકવા ચતુર નર પ્રતિદિન ફરે ઉદાસ;
   ખર ઘૂવડ ને મૂર્ખ નર સુખે સૂવે નિજ વાસ'
   (2) 'ઓ રસતરસ્યાં બાળ, રસની રીત મા ભૂલશો;
   પ્રભુએ બાંધી પાળ, રસસાગરની પુણ્યથી'

   (બ) નીચેનામાંથી કોઈપણ **એક** ગદ્યનો વિસ્તાર કરો : **7**
   (1) 'સાહિત્ય તો જીવનનો પડઘો માત્ર, એ મત એકદેશી અને સાહિત્યના ગૌરવનું અનભિજ્ઞ છે ; કાલ પ્રવાહમાં જીવન-વિકાસ અને જીવન સમુત્ક્રાંતિની સર્જક, જે સૌમ્ય અને સૂક્ષ્મ શક્તિઓ પ્રવર્તે છે તેમાંની એક પ્રમુખ શક્તિ સાહિત્ય છે.'
   (2) 'સ્તુતિ, ઉપાસના પ્રાર્થના એ વહેમ નથી, પણ આપણે ખાઈએ છીએ, પીએ છીએ, ચાલીએ-બેસીએ છીએ, એ બધુ જેટલું સાચું છે તેના કરતાંયે વધારે સાચી વસ્તુ છે. આવી ઉપાસના, આવી પ્રાર્થના એ કંઈ વાણીના વૈભવ નથી. તેનું મૂળ કંઠ નથી પણ હૃદય છે.'

5. સાચો વિકલ્પ પસંદ કરી નીચેના પ્રશ્નોના જવાબ આપો : **14**

(1) ગુજરાતી ખંડકાવ્યના આદ્યપ્રવર્તક કોણ છે ?
(a) નરસિંહરાવ (b) કાન્ત (c) કલાપી (d) બોટાદકર

(2) ખંડકાવ્યમાં વિવિધ ભાવોનું નિષ્પાદન કરવા કેટલા પ્રસંગ કે પરિસ્થિતિનું સચોટ બયાન આવે છે ?
(a) બે (b) ત્રણ (c) એક (d) આઠ

(3) 'પુરોહિતની રાજભક્તિ' ખંડકાવ્યના કર્તાનું નામ આપો.
(a) ખબરદાર (b) બોટાદકર
(c) નર્મદાશંકર ભટ્ટ (d) બળવંતરાય ઠાકોર

(4) નીચેનામાંથી કયું ખંડકાવ્ય કલાપીએ રચ્યું નથી ?
(a) સારસી (b) વિશ્વશાંતિ (c) બિલ્વમંગળ (d) ભરત

(5) સમ્રાટ અશોકના હૃદય પરિવર્તનના પ્રસંગને લક્ષ્ય કરતા પ્રહલાદ પારેખના ખંડકાવ્યનું શીર્ષક જણાવો.
(a) અભિસાર (b) સ્વરાજ રક્ષક (c) યુદ્ધાન્તે (d) પરાજયની જીત

(6) 'અશ્વત્થામા' ખંડકાવ્યના કવિનું નામ આપો.
(a) ખબરદાર (b) ન.પ્ર.ભટ્ટ (c) મનસુખલાલ ઝવેરી (d) કલાપી

(7) રવિન્દ્રનાથ ટાગોરના કાવ્યનો અનુવાદ મેઘાણીએ કયા ખંડકાવ્યમાં કર્યો છે ?
(a) અભિસાર (b) રાજર્ષિ શિવાજી
(c) ભરત (d) દક્ષસુતા

(8) 'કોલક' કવિનું મૂળ નામ જણાવો.
(a) સૂરસિંહજી તખ્તસિંહજી ગોહેલ (b) મણિશંકર રત્નજી ભટ્ટ
(c) કૃષ્ણલાલ શ્રીધરાણી (d) મગનલાલ લાલભાઈ દેસાઈ

(9) નીચેનામાંથી કયું ખંડકાવ્ય રા.વિ. પાઠકે રચ્યું છે ?
(a) વિશ્વામિત્ર (b) તુકારામનું સ્વર્ગારોહણ
(c) સારસી (d) યશોધરા

(10) અભયકુમાર બળવંતરાય ઠાકોરના કયા ખંડકાવ્યનું પાત્ર છે ?
(a) બુદ્ધ (b) દેવયાની
(c) ઉત્તરા અને અભિમન્યુ (d) એભલવાળો

(11) શિવાજીના ગુરૂ રામદાસના જીવનપ્રસંગનું આલેખન કૃષ્ણલાલ શ્રીધરાણીના કયા કાવ્યમાં થયું છે ?
(a) સિદ્ધાર્થનું સ્વપ્ન (b) શસ્ત્ર સંન્યાસ
(c) સ્વરાજ રક્ષક (d) દુનિયાના દંશ

(12) નંદકુમાર પાઠકના કયા ખંડકાવ્યનું વસ્તુ અખાના જીવનપ્રસંગ પર આધારિત છે ?
(a) ચક્રવાક મિથુન (b) દુનિયાના દંશ
(c) અશ્વત્થામા (d) વિશ્વામિત્ર

(13) 'તું પાપ સાથે નવ પાપી મારતો' – આ પંક્તિ કયા ખંડકાવ્યની છે ?
(a) બિલ્વમંગળ (b) સિદ્ધાર્થનું સ્વપ્ન
(c) દશરથનો અંતકાળ (d) વિશ્વશાંતિ

(14) 'ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય' – આ પંક્તિ કયા ખંડકાવ્યમાંથી લેવામાં આવી છે ?
(a) અતિજ્ઞાન (b) વસંત વિજય (c) ભરત (d) સારસી

Seat No. : _______________

# LG-115

**April-2014**

**B.A., Sem.-VI**

**CC-314, Gujarati**

**EB : કૃતિ-ફાર્બસ વિરહ**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. કરુણપ્રશસ્તિ કાવ્યસ્વરૂપનાં વ્યાવર્તક લક્ષણો જણાવો. **14**

**અથવા**

ગુજરાતી સાહિત્યનાં મહત્ત્વનાં કરુણપ્રશસ્તિ કાવ્યોનો પરિચય આપો.

2. "'ફાર્બસ વિરહ' દલપતરામની કવિત્વશક્તિનું સઘન પ્રતિનિધિત્વ કરતી રચના છે." – આ વિધાન તપાસો. **14**

**અથવા**

'ફાર્બસ વિરહ' માંથી પ્રગટતું ફાર્બસ સાહેબનું વ્યક્તિત્વ આલેખો.

3. કોઈ **બે** ટૂંકનોંધ લખો : **14**
   (1) 'ફાર્બસ વિરહ' માં પ્રગટ થતી મિત્રહૃદયની વેદના
   (2) 'ફાર્બસ વિરહ' માં નિરૂપાયેલું ચિંતન
   (3) 'ફાર્બસ વિરહ' માં આલેખાયેલાં ફાર્બસ સાહેબનાં જીવનકાર્યો
   (4) દલપતરામ-ફાર્બસ સાહેબના કૌટુંબિક સંબંધો

4. (અ) વિચાર વિસ્તાર કરો : **7**

મને મળી નિષ્ફળતા અનેક
તેથી થયો સફળ કૈંક હું જિંદગીમાં

**અથવા**

ગમે ના શૈશવે ખેલ, યૌવને ના પરાક્રમ;
સાધુતા નહીં વાર્ધક્યે, વ્યર્થ તો જિન્દગીક્રમ.

(બ) નીચેના ગદ્યખંડનો વિસ્તાર કરો : **7**

જેમ શરીરને ખોરાકની જરૂર છે, તેમ મનને પણ ખોરાકની જરૂર છે. રોજબરોજના જીવાતા જીવનથી થાકીને મન ક્યાયં બીજે ખોવાઈ જવા ઈચ્છે છે. આપણું મન જાતજાતના અનુભવો ઝંખે છે. આપણી રોજિંદી જિંદગી એકધારી હોય છે, એ મનને કેટલા અનુભવો આપી શકે ? પુસ્તકોમાં વિવિધ અનુભવોની એક જુદી જ દુનિયા હોય છે. એમાંથી પસાર થયેલું મન પછીથી સંસારને જુદી રીતે જોતું-મૂલવતું થાય છે. સારું પુસ્તક આપણને આંતરિક રીતે ઘડે છે. 'મહાભારત' વાંચ્યા પહેલાંનો હું અને એ વાંચ્યા પછીનો હું એ બે જુદી જ વ્યક્તિઓ છીએ.

**અથવા**

જે યુવક કે યુવતી મા-બાપની ઈચ્છા વિરુદ્ધ વર્તે તેને મા-બાપના ઘરની સગવડનો, તેમના પૈસાનો અધિકાર નથી. તેણે વિના સંકોચે ને ક્રોધ કર્યા વગર ઘરબાર, ધન છોડવા તૈયાર રહેવું જોઈએ. ઘણી વેળા આવા વર્તનનું પરિણામ શુભ હોય છે. માતાપિતાનો વિરોધ શમી જાય છે. જ્યાં મા-બાપ સ્વેચ્છાચારી હોય છે ને પુત્ર સંયમી હોય છે ત્યાં મા-બાપનો પલટો થયેલો ઘણી વાર જોવામાં આવે છે. અસ્પૃશ્યતાને વિશે એવું ન કહેવાય. એમાં તો બંને સંયમી હોઈ શકે. બંને પોતપોતાના વર્તનને ધર્મ સમજી શકે. આવા પ્રામાણિક મતભેદ સદાકાળ નભે પણ ખરા. એમાં તો એટલી જ આશા રખાય કે બંને એકબીજાના મતભેદને સહન કરી વર્તે. ઉંમરલાયક થયેલા પુત્રની પાસેથી માતા-પિતાએ હંમેશાં આજ્ઞાપાલનની આશા ન રાખવી ઘટે અને જ્યાં માતા-પિતા હઠ કરી બેસે અથવા પોતે મરવા વગેરેની ધમકી આપે ત્યાં જેને સ્પષ્ટ ધર્મ જણાયો હોય તેવા યુવકો નીડર થઈ વિવેકપૂર્વક પોતાના ધર્મનું પાલન કરશે.

5. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : **14**

(1) દલપતરામનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

(2) દલપતરામે રચેલા બે નિબંધોનાં નામ જણાવો.

(3) દલપતરામ કયા સામયિકના સંપાદક હતા ?

(4) નીચેનામાંથી કઈ કૃતિ દલપતરામની નથી ?
હિન્દુઓની પડતી, વેનચરિત, મિથ્યાભિમાન

(5) ફાર્બસ સાહેબના જન્મ અને મૃત્યુનાં સ્થળ જણાવો.

(6) 'ફાર્બસ વિરહ'માં પ્રયોજાયેલા બે છંદોનાં નામ આપો.

(7) દલપતરામ ફાર્બસ સાહેબના મૃત્યુ પછી પ્રકૃતિનાં કયાં-કયાં તત્ત્વોને ઉદ્દેશીને પ્રશ્નો પૂછે છે ?

(8) પત્રમાં લાગેલી કૂકડાની છાપ અંગે દલપતરામ શું કહે છે ?

(9) નીચેની પંક્તિનો અર્થ સમજાવો :
હેતે ઝાલ્યો હાથ, છેક કદી નહિ છોડતો;
મળ્યે સ્વરગનો સાથ ; ફંટાયો તું ફારબસ.

(10) મિત્રવિરહનું દુ:ખ કયા કયા દુ:ખ કરતાં મોટું છે ?

(11) 'ફાર્બસ વિરહ'માંની એક દ્વિરુક્તિ સમજાવો.

(12) ફાર્બસ સાહેબનું આખું નામ જણાવો.

(13) 'ફાર્બસ વિરહ'માં પ્રયોજાયેલાં કોઈ બે પેટાશીર્ષક જણાવો.

(14) દલપતરામ અને ફાર્બસ સાહેબ પહેલી વાર ક્યાં અને ક્યારે મળ્યા હતા ?

---